મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૬ ટકા
ગાંધીનગર તાપમાન

નાગપાંચમના દિવસે લાખો રૂપિયાના ખાજા વેચાશે

ગાંધીનગર, તા.૧૧

આજે નાગપાંચમના દિવસે શહેરમાં લાખો રૂપીયાના વિવિધ ખાજાનું વેચાણ થશે. શહેરમાં ખાજા માટે ઠેકઠેકાણે સ્ટોલ લાગી ચુક્યા છે. તીખા, ખારા, મોળા તેમજ ગળ્યા ખાજા આવે છે. ત્યારે તેલમાં બનાવેલા ખાજાનો ભાવ કિ. રૂ.૨૪૦ છે. જયારે શુધ્ધ ઘીના ખાજાનો ભાવ કિ. રૂ.૫૨૦ છે. જયારે નાગપાચમના દિવસે ખાજા ખાવાનો અનેરો મહિમા હોવાથી ખાજા ખરીદવા નાગરીકોની ભારે ભીડ દુકાનો પર જામશે. ત્યારે નાગપાંચમના દિવસે લાખો રૂપીયાના ખાજાનું વેચાણ વેપારીઓ દ્વારા કરવામાં આવશે.

નાગપાંચમનો તહેવાર દરવર્ષે શ્રાવણસુદ પાંચમના દિવસે આવે છે. પરંતુ વર્તમાન સમયમાં નાગદેવતા ઉપલબ્ધ થતા ન હોવાથી ઘરની પર નવનાગની આકૃતિ દોરી પૂજન કરે છે. અને શ્રીફળ- ધાણી, કુલેર,

નાગપાંચમના દિવસે પ્રત્યક્ષ નાગનું પૂજન કરવું વધારે લાભદાયક છે. મહિલાઓ નાગપાંચમના દિવસે હળદર તેમજ રકત ચંદનથી પાટલા ખાજાના પ્રસાદ ધરાવે છે. કેટલાક ભકતો આ દિવસે ઉપવાસ પણ કરે છે. ત્યારે નાગપાંચમના દિવસે નાગની પૂજા કરવી અર્થાત શિવજીની પૂજા કરવા જેવું છે.

નાગપાંચમના દિવસે શહેરના ગોગા મહારાજના મંદિરો પર ભકતોની ભારે ભીડ જામે છે. ગોગા મહરાજના દર્શન કરીને ભકતો ધન્યતા અનુભવે છે. ત્યારે નાગપાંચમના દિવસે ખાજા ખાવાનો અનેરો મહિમા છે. શહેરમાં ઠેકઠેકાણે ૭૦ થી વધુ દુકાનો તેમજ સ્ટોલ ખાજાના લાગી ચુક્યા છે. આ વર્ષે તેલમાં તૈયાર કરેલા ખાજાનો ભાવ કિ.રૂ.૨૪૦ છે. જયારે શુધ્ધ ઘી માં તૈયાર કરાયેલા ખાજાનો ભાવ રૂ.૫૨૦ છે. ગત્ વર્ષ કરતા ભાવમાં સામાન્ય વધઘટ જોવા મળી છે. શહેરના સ્વાદના ચટુકડા નગરજનો દરેક તહેવાને મોજથી માણનારા છે. ત્યારે નાગપાંચમના ખાજા ખરીદવા પણ શહેરમાં આવેલ દુકાનોમાં ભારે ભીડ જોવા મળશે. જેથી માત્ર એક જ દિવસમાં વેપારીઓ લાખો રૂપીયાના ખાજાનું વેચાણ કરે છે.

@ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ પ્રદિપભાઈ ત્રિવેદી, પ્લોટ નં. ૧૦૫૩, સે-૪-એ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના મહેશભાઈ ઠાકર, સે-૨૬ ખાતે યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે રાંધણછઠ તથા રામકથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ વૈભવ કે. જાની, પ્લોટ નં. ૬૩૦/૧, કિસાનનગર ખાતે યોજાશે.

● ગાંધીનગર જિલ્લા અદાલત દ્વારા સે-૨ બગીચા ખાતે મહિલા કાનુની શિબિરમાં મહિલા અધિકાર, કાયદા અને યોજનાઓ વિશે સાંજે ૪.૦૦ કલાકે માર્ગદર્શન આપવામાં આવશે.

● ગોગા મહારાજ મંદિર સે-૫ ખાતે ૧૨મા પાટોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

● ધી અંબર કો.ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગર દ્વારા વાર્ષિક સાધારણ સભા બપોરે ૧ કલાકે બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.

● વણકર સમાજ ગાંધીનગરની વર્ષ ૨૦૧૬-૧૭ની ૯મી વાર્ષિક સાધારણ સભા બપોરના ૪.૦૦ કલાકે રામજી મંદિર, સે-૩-ડી ખાતે યોજાશે.

મહિલા સશક્તિકરણ સપ્તાહ અંતર્ગત મહિલા કર્મયોગી દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 'મહિલા સશકિતકરણ પખવાડિયા'ની ઉજવણી ભાગરૂપે તા. ૧-૮-૨૦૧૭ થી તા. ૧૪-૮-૨૦૧૭ દરમ્યાન કરવામાં આવ્યુંછે. જેના ભાગરૂપે તા. ૧૧-૮-૨૦૧૭ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે આજે મહિલા કર્મયોગી દિવસનીની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. ડી.એન. બારોટ, શ્રીમતી ડૉ. હેમાબેન જોશી, લીગલ ઓફિસર ધનંજય રાણે , નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન યુનિવર્સીટી સ્ટેટ કન્સલટન્ટ આશા પ્રોજેક્ટ ડૉ રુતુજા ભાગપુરીયા તેમજ એન.યુ.એલ.એમ. મેનેજર રાહુલભાઈ, રીતીબેન ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટાફ તેમજ એમ.એસ.બિલ્ડીંગમાં આવેલ વિવિધ શાખાના કુલ ૩૫ જેટલી કર્મચારી બેહનો આજે આ દિવસની ઉજવણી નિમિતે કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સ્ત્રી જીવન પર્યત કર્મયોગી છે તે દ્રષ્ટાંતને સાર્થક કરતા વિવિધ કામગીરીનું અને જવાબદારીનું વહન કરે છે અને પૂરી નૈતિકતાથી નિભાવે છે. તેમજ મહિલા કર્મચારી વર્ગ માટે સંવિધાનિક રીતે કાયદાએ પણ રક્ષણ પૂરું પાડ્યુ છે. મહિલા કર્મચારીને પોતાના કાર્યકાળ દરમ્યાન જાતીય સતામણી, અશ્લીલ હરકત કે ખોટી ટીપ્પણી પણ થતી રહે છે. અન્વયે સરકાર દ્વારા વિવિધ કાયદા હેઠળ રક્ષણ પણ પૂરું પાડવામાં આવ્યું છે. જે અંગે વિવિધ સ્તરે રજૂઆત કરવી. કર્મચારીની નૈતિક ફરજો અને જોગવાઈ અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. જે સંદર્ભમાં વકતા દ્વારા જણાવેલ કે વૈચારિક બદલાવ, સામજિક બદલાવ અને સહકર્મચારી પરત્વે સહકારની ભાવના પર વિશેષ ભાર મુકવાની જરૂર છે. આ ઉપસ્થિત તેમના કર્મચારી ગણના પ્રશ્નોતરીનું સમજ આપી પ્રત્યુતર પણ આપવામાં આવ્યા હતા.

સમસ્ત જણસારી જનક્ષત્રિય મોચી સમાજ દ્વારા પૂર પિડીતોને સહાય

ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં ભારે વરસાદને કારણે ધાનેરાની આસપાસ ઘણા વિસ્તારોમાં ભારે નુકશાન થવા પામ્યું છે. નાગરીકોના ઘર-સામાન પાણીમાં તારાજ થઈ જવા પામ્યા છે. ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં સમગ્ર ગુજરાતમાંથી રાહત સામગ્રી તેમજ જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ સેવાભાવી નાગરીકો દ્વારા પહોંચાડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું હતું. ત્યારે મોચી સમાજના ભગવાનભાઈ ગોહિલ, જણસારી સમાજના કન્વીનર ઉષાબેન, ગુણવંતભાઈ, મહેન્દ્રભાઈ, ઘનશ્યામભાઈ, હિરાભાઈ, અશોકભાઈ સહિતના આગેવાનો દ્વારા તૈયાર અનાજની કીટ મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવેલ છે.

ઈન્વેસ્ટીગેશન કરતી પોલીસને હવે દિવસ-રાત એક કરીને સીસીટીવી ફુટેજ ચેક નહીં કરવા પડે

કોઈ પણ ડેટાને સીંગલ કલીકથી સ્કુટીની કરતું ૧૨ કરોડનું સોફટવેર ફોરેન્સીક યુનિવર્સિટીને અમેરિકન કંપની કેપીટલ નોવસના માલિકે ભેટ આપ્યું : હવે દેશમાં પ્રથમવાર ઈ-ડીસ્કવરી સર્ટીફીકેટ કોર્ષ પણ શરુ થશે

ગાંધીનગર, તા.૧૧

કાઈમ ઈન્વેસ્ટીગેશન કરતી વખતે પોલીસે કયારેક રોડ પરના સીસીટીવી કેમેરાના એક-એક મહિનાના ફુટેજ લઈને ગુનેગાર સુધી પહોંચવા રાત-દિવસ એક કરી આંખો પહોળી કરીને ફુટેજ ચેક કરવા પડતા હોય છે. તે ઉપરાંત ટાવર લોકેશન, કોલ ડીટેઈલ્સ રેકર્ડ સહિતના ડેટાનો અભ્યાસ કરવા કલાકોના કલાકો સુધી કોમ્પ્યુટર સામે બેસી રહેવું પડતું હોય છે. હવે આ બધી જ સમય વેડફે તેવી બાબતોથી પોલીસને છુટકારો મળી શકે તેમ છે અને ગુનેગારને સજા કરાવવા કોર્ટમાં

રજુ કરવા માટેના પુરાવાઓ સરળતાથી એકત્ર કરી શકાશે. કોઈ પણ ડેટાને કોમ્પ્યુટરમાં નાંખીને સીંગલ કલીકથી તમે ઈચ્છો તે ડેટા સ્કુટીની કરતું અંદાજે ૧૨ કરોડનું સોફટવેર અમેરિકાની કંપની કેપીટલ નોવસના માલિકે ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીને ભેટ આપ્યું છે. આ સોફટવેર કાઈમ ઈન્વેસ્ટીગેશનમાં પણ ઉપયોગમાં લઈ શકાશે અને ફોરેન્સીક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પણ આ જ્ઞાન આપવામાં આવશે. તે ઉપરાંત દેશમાં સૌ પ્રથમવાર ઈ-ડીસ્કવરી સર્ટીફીકેટ કોર્ષની શરુઆત પણ ફોરેન્સીક યુનિવર્સિટી દ્વારા કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. યુનિ.ના મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસના જણાવ્યાનુસાર કેપીટલ નોવસ કંપનીના સીઈઓ ધર્મેશ શીંગાળા અને ચેરમેન ગીતા શીંગાળાએ આ ટેકનોલોજીની ભેટ યુનિવર્સિટીને આપી છે. શીંગાળા દંપતી ગુજરાતના છે અને ભારતમાં અભ્યાસ કરીને અમેરિકામાં વધુ અભ્યાસ કર્યા બાદ ત્યાં જ સ્થાયી થયેલા આ ગુજરાતના દંપતીને દેશ પ્રત્યે લાગણી હોવાથી આવી કિંમતી ટેકનોલોજી આ ક્ષેત્રમાં જ્ઞાન આપતી ફોરેન્સીક યુનિવર્સિટીને ભેટ આપી છે. આ કંપનીની અંદાજે ૧૨ દેશોમાં શાખાઓ આવેલી છે.

નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયા લાલ કી..!! જય રણછોડ...માખણ ચોર..!! જન્માષ્ટમીના તહેવાર આડે ગણતરીના દિવસો રહ્યા છે. નટખટ કાનુડાની બાળલીલા આજના યુગમાં પણ સૌના મન મોહી રહી છે. કદાચ આજ કારણે જન્માષ્ટમીએ સમગ્ર દેશ 'મટકી ફોડ' થકી ઉત્સવ ઉજવે છે. હવે દહીં હાંડીથી ઓળખાતો આ પરંપરાગત તહેવાર અમીર ગરીબ દરેકને પ્રિય છે. ગાંધીનગર પાસેના ચાંદખેડાના કલાકાર મુકેશ પંડયાએ પેપર આર્ટના ઉપયોગથી 'મટકી ફોડતા કાનુડા અને ગોવાળિયા'ની અદભૂત કલાકૃતિ તૈયાર કરી છે. ભારતીય તહેવારોની નયનરમ્ય કલાકૃતિઓ તૈયાર કરવામાં મુકેશ પંડયા પાવરધા છે.

સે-૫ પંચમુખી મહાદેવ ખાતે લઘુ-રૂદ્ર યજ્ઞ

પવિત્ર શ્રાવણ માસ મધ્યાહને પહોંચ્યો છે. આ સાથે શહેરના શ્રધ્ધાળુ ભાવિકો શિવભકિતમાં વધુને વધુ લીન થઈ રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર શિવ મહિમ્નોસ્ત્રોત, કથા-વાર્તા-પારાયણ, લઘુરૂદ્રાભિષેક, શિવાભષેક, ભજન-કિર્તન વગેરે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. સર્વત્ર ભકિતનો માહોલ છવાયો છે. ગાંધીનગરના સે-૫-એમાં પણ પંચમુખી મહાદેવના મંદિરે લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન રાધા-કૃષ્ણ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં જ યોજાયેલા લઘુરૂદ્ર યજ્ઞમાં સેકટરની ૬૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો

જેના કારણે સર્જાયેલ મનોરમ્ય દૃશ્યને નિહાળવા સેકટરવાસીઓ ઉમટી પડયા હતાં.

વાતવાતમાં

● શહેરના મુખ્ય માર્ગ ઘ રોડ પર એક કબૂતર રીક્ષાની ઝપટે આવી જતા બેહોશ થઈને પડયું પરંતુ રીક્ષા ચાલક તેની પરવા કર્યાવ ગર ત્યાંથી ચાલ્યો ગયો હતો. જો કે તે જ ઘડીએ ત્યાં આવી પહોંચેલા એક કારચાલકે તેની બોટલમાંથી પાણી રેડતા જાગૃત થયેલ કબૂતરને પગે ઈજા હોવાથી અન્ય એક કૌશલ પરમાર નામના બાઈક ચાલક યુવાને તુરંત તેને મુકિતધામ ખાતે પહોંચાડી સારવાર અપાવી જીવદયાનું ઉદાહરણ પુરું પાડયું હતું.

આઈ લવ માય ગાંધીનગર

દિપક નગીનદાસ શાહ

ગાંધીનગર ગમે

ગાંધીનગર મારી કર્મભૂમિ છે એટલા માટે અને શાંત, પ્રદૂષણથી મુક્ત તથા હરિયાળું નગર છે એટલા માટે પણ ગમે છે.

નગરજનો

સંસ્કાર, ભક્તિભાવ અને સેવાભાવનાથી ભરેલા નગરજનો આ નગરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિદ્યાલય, જુનિયર સિટિઝન કાઉન્સિલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમની શિક્ષણ, સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

યુવા વર્ગને આધ્યાત્મિક તથા શહેરની ઉન્નતિના માર્ગે વાળવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

નગર માટે હું કરી શકું

સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા જેવા ઉપક્રમો માટે મારી સહાય નગરને આપવા હું તૈયાર છું.

સે-૨૪માં પતિ-પત્નિ વચ્ચે બબાલ : પતિએ કાતર મારી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ખાતે ગઈ કાલે પતિ-પત્નિ વચ્ચે ફરીથી બબાલ થવા પામી હતી. પતિએ તેની પત્નિને ધારદાર કાતર માથાના ભાગે ઝંકી દેતા લોહી લુહાણ હાલતમાં હોસ્પિટલ લઈ જવી પડી હતી. પત્નિએ સેકટર-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી તટસ્થ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે-૨૪ આદર્શનગર પ્લોટ નં. ૭૮પમાં રહેતા સોનલ રાઠોડ અને તેમના પતિ રેનીસ વિપુલભાઈ રાઠોડ વચ્ચે ગઈ કાલે કોઈ બાબતે બોલાચાલી થયા બાદ બબાલ જામી ગઈ હતી. સામસામે બોલાચાલી ઉગ્ર થતા ઉશ્કેરાઈ ગયેલા પતિ રેનીસ રાઠોડે છુટાછેડા માંગીને મરી જવાનું કહી અંદરના રૂમમાંથી કાતર લઈ આવી માથે ઝીંકી દીધી હતી. કાતર મારતા પત્નિ સોનલને હોસ્પિટલાઈઝડ કરી હતી. આ મામલે સોનલે સે-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી તપાસનો દૌર શરુ કર્યો છે.

આજથી વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે રાષ્ટ્રીય એકતા શિબિરનો પ્રારંભ

૧૨ રાજયોમાંથી ૨૫૦થી વધુ એનએસએસ સ્વયંસેવકો ઉમટશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર પાસેની ચાંદખેડાની વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનીયરીંગ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) એકમ તરીકે ૭૧મું સ્વતંત્રતા પર્વ સપ્તાહ તા. ૧૨ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ ૨૦૧૭ ઉજવણી સાથે કરશે.

આ શિબિરમાં ૧૨ રાજયોમાંથી ૨૫૦થી વધુ એનએસએસ સ્વયંસેવકો ભાગ લેવા જઈ રહ્યા છે. જે વિદ્યાર્થીઓ તેમને વિવિધ રીતે અને અર્થ દ્વારા એક સાથે લાવવા શારીરિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સત્ર અને દૈનિક ધોરણે સાંસ્કૃતિક કાર્યક્રમો કરશે. આ સાત દિવસ કાર્યક્રમનો હેતુ એક સાથે લાવવા ૧૩ રાજયો પાસેથી યુવા સ્વયંસવકો એન્જિનિયરીંગ દ્વારા રાજય સંસ્કૃતિઓ સંકલિત કરવા થઈ રહ્યો છે.

આવા શિબિરનું હોસ્ટિંગ ગુજરાત રાજય માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે કારણ કે તે એક રાષ્ટ્રીય સ્તરનું શિબિર છે. ગુજરાત રાજય શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જાણીતા ગુજરાતી લોકગાયક અરવિંદ વેગળા, સંગીત નાટક એકેડેમી વિજેતા લોકગાયક યોગેશ ગઢવી, અંધજન એસોસિએશન ટુકડી અને ઘણા સામાજિક કાર્યકરો અને વૈજ્ઞાનિકો જેવા ઘણા વિખ્યાત હસ્તીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણોમાં યોગા, શ્રમદાન, શૈક્ષણિક સેશન, ભારતના રાજયોનો વારસો, આંતરભાષીય સાંસ્કૃતિક સંધ્યા, રાષ્ટ્ર વિકાસ માટે કોસ કટિંગ વિચારો, સામાજિક ઈનોવેશન, વિવિધ સ્પર્ધાઓનો સમાવેશ થાય છે.

સે-૨૩ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૧

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ જન્માષ્ટમીના પાવન દિવસ તા. ૧૫-૮-૨૦૧૭ના રોજ સેકટર-૨૩, લગ્નવાડીમાં સાર્વજનિક કૃષ્ણ જન્મની ભવ્ય ઉજવણીનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ અંતર્ગત સાંજના ૮.૩૦ થી ૯.૩૦ શિવ મહિમ્ન પાઠ અને ભોળાનાથની સ્તુતિ વંદના તેમજ રાતના ૧૦થી ૧૧ રાસ-ગરબા રાતના ૧૧ થી ૧૨ કલાક દરમિયાન શ્રી કૃષ્ણભજન અને આરતી બાદ મટકીફોડનો કાર્યક્રમ મહાપ્રસાદના આયોજન સાથે સાથે ભવ્ય ડેકોરેશન અને લાઈટીંગનું આયોજન કરવામાં આવેલ છે. કૃષ્ણ જન્મની ઉજવણીનો સર્વ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા પ્રમુખ અતુલ ત્રિવેદી અને મંત્રી તપન ત્રિવેદી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

બીબીએ કોલેજ ખાતે 'એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોકયુમેન્ટેશન' કોર્સનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ધો.૧૨ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે ૨ મહિનાનો સર્ટીફીકેટ કોર્સ શરુ કરવામાં આવ્યો જેમાં હાલ ૨૫ વિદ્યાર્થીઓ જોડાઈ ચુક્યા છે. તેમજ અનેક વિદ્યાર્થીઓએ જોડવા માટેની ઉત્સુકતા દર્શાવી છે. બી.બી.ઍ કૉલેજ ખાતે તેના વિદ્યાર્થીઓ કૉલેજનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પોતાના વ્યવસાયનો પ્રારંભ કરે તેની તાલીમ કોર્સ અને કૉલેજ આપતી હોય છે અને તેના ભાગ રૂપે તે વિદ્યાર્થીઓ તેનો ધંધો આંતરરાષ્ટ્રીય કક્ષાએ ફેલાવી શકે તે હેતુસર આ કોર્સની શરુઆત કરવામાં આવી છે.

કોર્સનાં ભાગ રૂપે ઍક્ષપોર્ટ માટે જરૂરી પરવાનગી, સરકારી ડૉક્યુમેંટ્સ તેમજ કાયદાકિય જોગવાઈનું પ્રૅક્ટિકલ જ્ઞાન ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલ તજજ્ઞો દ્વારા આપવામાં આવશે અને કોર્સની પૂર્ણાહુતિ સમારંભમાં તેઓને સર્ટીફિકેટ ઍનાયત કરવામાં આવશે.

કોર્સની શરૂઆત યુનીવર્સીટીના ડાયરેક્ટર ડી.ટી.કાપડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. ડી.ટી.કાપડિયા દ્વારા કોલેજને સાંપ્રત સમયની માંગ મુજબનો સર્ટીફીકેટ કોર્સ શરુ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ આ કોર્સમાં આવરી લેવામાં આવતા તમામ મુદ્દાઓની ઉત્કૃષ્ટ તાલીમ મેળવી તેમના વ્યવસાયિક જીવનમાં તેનો ઉપયોગ કરે તેવી શુભકામના પાઠવી હતી. વધુમાં તેઓએ એક્ષપોર્ટ ડોક્યુમેન્ટેશનની મહત્તા બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા.

આગામી દિવસોમાં એક્ષપોર્ટ-ઈનપોર્ટ એક્ટીવીટીને લગતા ધંધાકીય ક્ષેત્રના અલગ-અલગ કાર્યો માટેની નિપુણ અને જ્ઞાનકૌશલ્ય વર્ધક મેનપાવરની તાતી માંગ ઉભી થનાર છે. આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓની "કોમ્પિટન્સી" ડેવલપ થશે જે તેઓને નોકરી મેળવવા તેમજ ધંધાકીય એકમની સ્થાપના કરવામાં ખુબ ઉપયોગી સાબિત થશે. આજે પ્રથમ દિવસે માનસ સીલીંકના સીઈઓ અને ડાયરેક્ટર વેદાંત માંકડ વિદ્યાર્થીઓને તાલીમ આપવા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સર્ટીફીકેટ કોર્સ બાબતે કોલેજનાં આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ, ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના દ્વારા સંપૂર્ણ જવાબદારી સંભાળવામાં આવી હતી.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર કાનાજી ભલાજી, ઉ.વ. ૨૭
- સ્વ. ઠાકોર દલપતજી સુખાજી, ઉ.વ. ૪૫
- સ્વ. દેસાઈ કરશનભાઈ કાળાભાઈ, ઉ.વ. ૭૬
- સ્વ. પસારીયા સુભમસિંહ હિરાસિંહ, ઉ.વ. ૫૦
- સ્વ. દંતાણી ગજીબેન વેચાતભાઈ, ઉ.વ. ૭૫